ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E C.- Minuets (9) 29 th Sept '11 /૨૦૧૧ –૧૨/ 336 to 348 તા. ૧૨ / ૧૦ /'૧૧

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૨૯મી સપ્ટે '૨૦૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તારીખ ૨૯મી સપ્ટે '૨૦૧૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની નવમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

I C કુલસચિવ

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૧નાં રોજ સવારે ૧૧: ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની નવમી સભાની મિનિટ્સ નોંધ :

Krishna Verma Kachchh University

આજ રોજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૧ને ગુરૂવારનાં સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિકયુટીવ કાઉન્સિલની નવમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારતા આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. **—અધ્યક્ષશ્રી**<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **—સભ્યશ્રી** | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **—સભ્યશ્રી** | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **—સભ્યશ્રી** | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. **—સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેર હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. **—સભ્યશ્રી**<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. **—સભ્યશ્રી**<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | ગેર હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. **—સભ્યશ્રી**<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. **—સભ્યશ્રી**<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **—સભ્યશ્રી**<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. **—સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | ગેર હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. **—સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. **—મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | ગેર હાજર |

### ૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

તારીખ ૨૦મી સપ્ટે. ૨૦૧૧ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પના નંબર : ૨ : પર ચાલુ..

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૨૦મી સપ્ટે. ૨૦૧૧ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

૨. **પરીક્ષા ફીની રકમમાં વધારો કરાવા અન્વયે નિયુક્ત કરાયેલ પરીક્ષા ફી વધારા સમિતીએ હાથ ધરાયેલ કાર્યવાહી અંગેના અહેવાલ બાબત :**

તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધનાં વાંચન દરમ્યાન, ઠરાવ : ૧ : ની વિગતે CBCS અમલીકરણથી પરીક્ષા પધ્ધતિમાં થનાર ફેરફાર અનુસંધાને પરીક્ષાલક્ષી ફીમાં વધારો કરવા સંદર્ભે રચાયેલ પરીક્ષા ફી વધારા સમિતીએ, રેગ્યુલર અને બાહ્ય (External) પધ્ધતિથી ચાલતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમો અન્વયે પરીક્ષાલક્ષી ફીમાં વધારો કરવા માટે સૂચવેલ દરો તથા અન્ય વિગતે કરાયેલ દરખાસ્ત પૈકી રેગ્યુલર પધ્ધતિથી ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે નિયત થયેલ પરીક્ષાલક્ષી ફીનાં દરો વધુ જણાતા તે અંગે સદર સમિતીને ફેર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા જણાવવામાં આવતાં, સદર સમિતીએ તારીખ ૨૨મી સપ્ટે.૨૦૧૧ ના રોજની સભામાં હાથ ધરાયેલ કાર્યવાહી બાદ કરેલ ભલામણ –અહેવાલ અત્રે રજૂ થયેલ છે જે અંગે તથા તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૧ના રોજની સભાનાં ઠરાવ : ૪ : માં "બાહ્ય (External) અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીઓ ગ્રંથાલય ફી પેટે નિયત થયેલ રકમ અન્વયે થયેલ શરત ચૂકની સુધારણા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, CBCSના અમલીકરણથી વર્ષમાં બે વખત પરીક્ષાઓના થનાર આયોજન સંદર્ભે વધનાર ખર્ચને પહોંચી વળવા માટે પરીક્ષાલક્ષી ફીમાં વધારો કરવા રચાયેલ પરીક્ષા ફી વધારા સમિતીએ કરેલ ભલામણો પૈકી રેગ્યુલર પધ્ધતિથી ચાલતા સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમો અંગે સ્વીકારવામાં આવેલ પરીક્ષાલક્ષી ફીનાં દરો અંગે ફેર વિચારણા કરી, તે અન્વયેનાં વાઈવા ફીના દર યથાવત રાખી અન્ય દરોમાં નીચેની વિગતે ઘટાડો કરવામાં આવે છે જે વસૂલવાપાત્ર રહેશે.**

➢ **રેગ્યુલર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અન્વયે પરીક્ષાલક્ષી ફીનું સુધારેલ ધોરણ:**

| ક્રમ. | ફીની વિગત. | સ્વીકારાયેલ દર. | સુધારેલ અને વસૂલવાપાત્ર દર. |
|---|---|---|---|
| ૧. | પરીક્ષા ફી (પેપર દીઠ) | ₹ ૧૦૦/– | ₹ ૬૫/– |
| ૨. | પરીક્ષા ફી (પેપર દીઠ) નાપાસ / પાર્ટ / એ.ટી.કે.ટી./– વગેરેના વિદ્યાર્થીઓ દીઠ | ₹ ૧૫૦/– | ₹ ૧૦૦/– |
| ૩. | પ્રેક્ટીકલ ફી | ₹ ૨૦૦/– | ₹ ૧૫૦/– |

પના નંબર : ૩ : પર ચાલુ..

વધુમાં, તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૧ના રોજની સભાનાં ઠરાવ : ૪ : માં "બાહ્ય (External) અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીઓ જો યુનિવર્સિટી ગ્રંથાલયનો ઉપયોગ કરવા ઈચ્છે તો, તેઓએ ડિપોઝીટ પેટે ₹ ૫૦૦/–અને ગ્રંથાલય ફી પેટે ₹ ૭૫/– ચૂકવવાપાત્ર રહેશે." તેમ મિનિટ્સ નોંધમાં દર્શાવવામાં આવેલ છે, જયારે ગ્રંથાલય ફી પેટે ₹ ૨૦૦/– નિયત થયેલ હોતા, ગ્રંથાલય ફી ની રકમ સંદર્ભે થયેલ શરતચૂકને ગ્રાહ્ય રાખી ગ્રંથાલય ફી પેટે ₹ ૭૫/– નહી પણ નિયત થયેલ રકમ ₹ ૨૦૦/– આવા વિદ્યાર્થીએ ચૂકવવાપાત્ર થશે તે સુધારો સ્વીકારવામાં આવે છે.

પરીક્ષાલક્ષી ફી અન્વયે નિયત થયેલ દરો તથા તે સંદર્ભે થયેલ ઘટાડો અને ગ્રંથાલય ફી ની રકમ સંદર્ભે થયેલ સુધારાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી કરવાનું રહેશે.

૩. યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો અન્વયે પ્રોગ્રામરની પાંચ (૫)જગ્યાઓ પર કરાર આધારીત પધ્ધતિથી નિમણૂક કરવા સંબંધે તા.૨૭મી સપ્ટે.'૨૦૧૧ નાં રોજ યોજાયેલ ઓપન ઈન્ટરવ્યુ અન્વયે પસંદગી સમિતિની હાથ ધરેલ કાર્યવાહીને બહાલ રાખવા અને નિર્ણય લેવા બાબત :

યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગ ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો અન્વયે પ્રોગ્રામરની પાંચ(૫) જગ્યાઓ પર કરાર આધારીત પધ્ધતિ અન્વયે નિમણૂંક આપવા માટે ગત તારીખ ૨૭મી સપ્ટે.૨૦૧૧નાં રોજ મળેલ વરણી સમિતીએ હાથ ધરેલ કાર્યવાહી અન્વયે થયેલ ભલામણોને બહાલ રાખવા અંગેની ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

<u>**ઠરાવ : ૩ :**</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગ ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે પ્રોગ્રામરની પાંચ (૫) જગ્યાઓ ભરવા ગત તારીખ ૨૭મી સપ્ટે'૧૧નાં રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણો સ્વીકારવી અને પસંદિત ઉમેદવારોને અગિયાર માસનાં (૧૧) કરાર આધારિત પધ્ધતિનાં ધોરણે ફિક્સ વેતનથી નિમણૂક આપવા તેઓને હાજર કરવા તથા પ્રથમ તબકકે પસંદગી પામેલ ઉમેદવારો જો હાજર ન થાય તો ખાલી પડનાર આ જગ્યાઓ પર પસંદગી સમિતીએ તૈયાર કરેલ પતિક્ષા યાદી મુજબ નિમણૂંક આપી આ જગ્યા ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

**કોમ્પ્યુટર સાયન્સ : પ્રોગ્રામર :**

| <u>પસંદગી પામેલ ઉમેદવારો</u> | <u>પ્રતિક્ષાયાદી તરીકે પસંદગી પામેલ ઉમેદવારો</u> |
|---|---|
| ૧. શ્રી સલાટ આનંદ વી. | ૧. શ્રી ઝિંઝુવાડિયા પ્રતિક જી. |
| ૨. શ્રી ચંદેલા સંદીપ | ૨. શ્રી જોષી જય એમ. |
| ૩. શ્રી મોદી જતિન આર. | ૩. શ્રી રાજગોર વીરલ એન. |
| ૪. શ્રી જાડેજા જયરાજ કે. | ૪. શ્રી દોસ્તાનિયા મનિષ એલ. |
| ૫. શ્રી પાઠક દિશા વી. | ૫. શ્રી.પટેલ જય |

પના નંબર : ૪ :પર ચાલુ..

૪. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

Krantiguru Shyamji Krishna Verma BHUJ-Kachchh 370001

**(૧) કોમ્પ્યુટર સાયન્સ વિભાગો ખાતે ચલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે કરાયેલ અધ્યાપકોની નિમણૂંક અન્વયે શ્રી વાસાણી ભાવેશ આર.સાથેનો સદર કરાર રદ્દ કરવા બાબત :**

તારીખ ૨૦મી સ્પટેમ્બર ૨૦૧૧ના રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ :૫ : નાં સંદર્ભે તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૧નાં રોજ કોમ્પ્યુટર સાયન્સ વિભાગ ખાતે ચલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે અધ્યાપકોની નિમણૂંક કરવા મળેલ પસંદગી સમિતિએ કરેલ ભલામણો અન્વયે અપાયેલ નિમણૂંકો સંદર્ભે બે ઉમેદવારો હાજર ન થતાં, સદર જગ્યાઓ ભરવા માટે પતિક્ષાયાદી અન્વયે પસંદગી પામેલ બે ઉમેદવારોને અપાયેલ નિમણૂંક અન્વયેના શ્રી વાસાણી ભાવેશ આર. ગત તા.૪થી સપ્ટે.૨૦૧૧ના રોજ અત્રે હાજર થયેલ તે અનુસંધાને યોગ્ય કાર્યવાહી હાથ ધરીને તેઓને વિભાગના અધ્યક્ષશ્રીને રીપોર્ટીંગ કરવા જણાવવામા આવેલ હતુ.

શ્રી એકસ.યુ.શુકલા –અધ્યક્ષશ્રી અને વ્યાખ્યાતા કોમ્પ્યુટર સાયન્સ વિભાગના તારીખ ૨૮મી સપ્ટે.૨૦૧૧ના પત્ર દ્વારા અત્રે સૂચિત કરવામા આવેલ છે કે, શ્રી વાસાણી ભાવેશ આર. હાજર થયા તારીખથી આજ સુધી વિભાગ ખાતે હાજર થયેલ નથી કે રીપોટીગ કરેલ નથી.

શ્રી વાસાણી ભાવેશ આર. હાજર થયા તે તારીખથી સતત ગેરહાજર હોવાથી અધ્યાપન કાર્યના વિક્ષેપને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસને થઈ રહેલા નુકશાનને ધ્યાને લેતા શ્રી વાસાણી ભાવેશ આર. સાથેનો સદર કરાર રદ્દ કરવામા આવતા તેને મંજૂર રાખવા અંગેની ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,કરાર આધારિત નિમણૂંક પધ્ધતિથી ફિકસ પગારથી નિયુકત કરાયેલ વ્યાખ્યતા શ્રી વાસાણી ભાવેશ આર.ની, હાજર થયા તે તારીખથી આજ દિન સુધીની સતત ગેરહાજરીને ધ્યાને લેતાં તેઓના કરારને રદ્દબાતલ કારાયેલ છે જે મંજૂર રાખતાં આ ખાલી પડેલ જગ્યા પર તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૧ના રોજ મળેલ વરણી સમિતીએ તૈયાર કરેલ પ્રતિક્ષાયાદી અન્વયે હવે પછીના ક્રમ મેળવતા ઉમેદવારને કરાર આધારિત નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**(૨) યુનિવર્સિટી કેમ્પસ પર સ્ટેશનરી, ઝેરોક્ષ તથા અન્ય પરચૂરણ ચીજ વસ્તુઓની સુવિધાઓ ઉભી કરવા માટે કાર્યવાહી હાથ ધરવા બાબત :**

યુનિવર્સિટી હોસ્ટેલના વિદ્યાર્થીઓ તથા રોજ બરોજ યુનિવર્સિટી ખાતે આવતા વિદ્યાર્થીઓ તથા સંસ્થા / કોલેજો સંબંધિત મુલાકાતીઓ માટે હાલે યુનિવર્સિટી કેમ્પસ પર સ્ટેશનરીની આઈટમો, ઝેરોક્ષ તથા અન્ય પરચૂરણ ચીજ વસ્તુઓ જેવીકે મોબાઈલ રી–ચાર્જ

પના નંબર : ૫ : પર ચાલુ..

વગેરે જેવી વ્યવસ્થા ન હોતા પડતી મુશ્કેલીઓ નિવારવા માટે કેમ્પસ પરના યુટીલીટી સેન્ટર પર આ વ્યવસ્થા શરૂ કરવા કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૫ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુટીલીટી સેન્ટર પર સ્ટેશનરી, ઝેરોક્ષ તથા અન્ય પરચૂરણ ચીજ વસ્તુઓની સુવિધાઓ ઉભી કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**(૩) યુનિવર્સિટી કેમ્પસ પર રાજ્ય સરકારશ્રીની ઠરાવ મુજબ NET / SLET / UPSCનાં વર્ગો ની સુવિધાઓ ઉભી કરવા મળેલ મંજૂરી અન્વયે તજજ્ઞોને ચૂકવવાના થતા માનદ્‌વેતન તથા અન્ય ભથ્થાના દરો નિયત કરવા બાબત :**

રાજ્ય સરકારશ્રીનાં ઠરાવ મુજબ યુનિવર્સિટી કેમ્પસ પર **NET / SLET / UPSC / GPSC** જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અન્વયે પરીક્ષાર્થીઓ માટે માર્ગદર્શન વર્ગો શરૂ કરવા માટે આપણી યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવેલ વર્ચ્યુઅલ કલાસીસની મદદથી ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના સહકારથી સદર વ્યવસ્થા ઉભી કરવા માટે ગત તારીખ ૨૦મી સપ્ટે.૨૦૧૧ના રોજની સભાના ઠરાવ : ૮ : થી મંજૂર મળતાં તે મુજબની વ્યવસ્થા કરવા યોગ્ય કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદર બાબતે પ્રસારિત થનાર વ્યાખ્યાન અન્વયે તથા વ્યવસ્થા સંચાલન માટેના દરો નિયત કરવા થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંદર્ભેના માર્ગદર્શક વર્ગો શરૂ કરવા માટે તજજ્ઞોને ચૂકવવાના થતા માનદ્‌વેતન અને ભથ્થા તથા આ વ્યવસ્થાના સંચાલન કે રખ રખાવ માટેની નીચેની વિગતે દરો ચૂકવવાપાત્ર થશે જેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી કરવાનો રહેશે.**

**૧. તજજ્ઞોને વ્યાખ્યાન દીઠ ₹ ૪૦૦/–નું માનદ્‌વેતન તથા ₹ ૧૦૦/– કન્વેયન્સ એલાઉન્સ મળી કુલ ₹ ૫૦૦/– ચૂકવવાપાત્ર થશે.**

**તથા**

**૨. આ સઘળી વ્યવસ્થાના રખ રખાવ માટે વ્યાખ્યાન દીઠ ₹ ૧૦૦/– ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને ચૂકવવાપાત્ર થશે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

B. S. Patel

ઈ ચા. કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.